ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G





**હાથી ,ઘોડા, પાલખી - જય કનૈયાલાલકી...** ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ ઉજવવા સૌના મનમાં થનગનાટ છે... જીવન જીવવાના માર્ગો શ્રીમદ્ ભગવત ગીતાના માધ્યમથી વિશ્વને બતાવ્યા એવા પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણનો આજે જન્મદિવસ ઉજવાશે... આનંદ-ઉત્સવ મનાવાશે... ગલીએ-ગલીએ મટકી ફોડ થશે... ભજન-કિર્તન થશે... લોકસાહિત્યના ડાયરા થશે અને મધ્યરાત્રીએ નંદ ઘેર આનંદભયોના જયઘોષ સાથે અબીલ-ગુલાલ ઉડાડી પ્રત્યેક ભારતીય શ્રીકૃષ્ણ જન્મોત્સવની પાવન પળો ઉમળકાથી ઉજવશે... આજકાલ બજારમાં ભગવાનના શણગાર માટેના વાઘા, સેવા-પૂજાની વિવિધ સામગ્રીઓ અને ભગવાન શ્રીકૃષ્ણના 'રાસ-લીલા'ના સ્વરૂપોની મૂર્તિઓ ઠેર ઠેર જોવા મળે છે... જીવનને રસમય અને છતાંય કર્મ, ભક્તિ અને જ્ઞાનના માર્ગોના ઉદ્‌ઘોષક ભગવાન શ્રીકૃષ્ણ આપણા સૌના જીવનમાં સતત જળવાતા રહે એવી પ્રાર્થના સહ... **જયશ્રી કૃષ્ણ...** **(તસવીર : કશ્યપ નિમાવત)**

## 'પરંપરાગત' સ્થળોએ અઠવાડીયાથી 'બોર્ડ' બેસી ગયા છે

# ગાંધીનગરમાં પચાસ કરોડનો જુગાર મંડાશે

### ફાર્મ હાઉસો, ગેસ્ટ હાઉસો હાઉસફુલ : કેટલાક મકાનો પણ ૩ દિવસ માટે રેન્ટ પર આપી દઈ તગડા રૂપિયા લેવાયા : ૫૦૦-૧૦૦૦ના મિની બોર્ડ પર દરોડા પાડીને કામગીરી બતાવતી પોલીસ લાખ્ખોની બાજીવાળા એકેય 'મોટા બોર્ડ' પર નહીં ફરકે...?

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેર તથા આજુબાજુના વિસ્તારોમાં સ્થિત મોટા ભાગના ફાર્મ હાઉસો અને ગેસ્ટ હાઉસો મોટા ગજાના જુગારીઓના બુકીંગથી હાઉસફુલ થઈ ગયા છે. દરરોજ ગાંધીનગર પોલીસ દ્વારા જુગાર રમતા શખ્સો પકડાય છે. પરંતુ રૂ. ૫૦૦-૧૦૦૦ના મિની બોર્ડ વાળા જુગારીઓને પકડીને કાગળ પર લવાય છે તો બીજી તરફ છેલ્લા અઠવાડીયાથી 'પરંપરાગત' સ્થળોએ લાખ્ખોની બાજી વાળા ખુલી ગયેલા 'મોટા બોર્ડ' પર પોલીસ દરોડો પાડશે કે કેમ? તેના પર પ્રશ્નાર્થ છે. ઉલ્લેખનીય છે કે મંત્રીઓ તથા ઉચ્ચ અધિકારીઓ તો ઠીક પરંતુ તેમના દિકરાઓ અને બિલ્ડર્સ અને વેપારીઓ પણ જગ્યા 'ફિક્સ' કરીને ગોઠવાઈ ગયા છે.

ગાંધીનગરના મોટા ભાગના 'કલાકીયા ગેસ્ટ હાઉસ' તથા આસપાસના વિસ્તારના ફાર્મહાઉસો સાતમ-આઠમના જુગાર માટે બુક થઈ ગયા છે. કેટલાક મકાનો પણ મકાન માલિકે તગડા ભાડા પર માત્ર ૩ દિવસ માટે રેન્ટ પર આપી દીધા હોવાનું જાણવા મળ્યું છે. જુગારીઓની ફુલપ્રુફ તૈયારીઓમાં ત્રણ દિવસ ખાવા પીવા પણ બહાર ન નિકળવું પડે તેવી વ્યવસ્થા સામેલ છે. જુગાર રમતા ખેલાડીઓમાં નાની નાની રૂ. ૫૦૦-૧૦૦૦ની બાજી રમીને માત્ર આનંદ મેળવતા વ્યકિતઓ તથા રૂ. ૨૫ કરોડ આમ-તેમ કરી નાંખવા માટે અસલી શકુની બની બેસતા વ્યકિતઓ પણ ગાંધીનગરમાં સામેલ છે. જુગારની 'બાજી' મામલે કયાંક પોલીસની ગોઠવણ 'બાજી' તો કયાંક

● અનુસંધાન પાન-૭ પર

## જીલ્લામાં ૬ઠ્ઠીથી ઈ.ગ્રામ સેન્ટરોમાં મતદાર સહાયતા કેન્દ્રો કાર્યરત થશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના તમામ ગામોના ઈ.ગ્રામ સેન્ટરોમાં આગામી ૬ઠ્ઠી સપ્ટેમ્બરથી મતદાર સહાયતા કેન્દ્રો શરૂ કરવામાં આવશે.

મતદાર યાદી સુધારણા ઝુંબેશનો બીજો તબક્કો આ જ દિવસથી આરંભાઈ રહ્યો છે. કેન્દ્રીય ચૂંટણી પંચે મતદાર યાદી શુદ્ધ વધુ બને તે માટે તેમજ ગ્રામીણ પ્રજાને આ માટે જિલ્લા મથકોએ ધક્કા ના ખાવા પડે તે માટે મહત્વનો નિર્ણય કર્યો છે.

ઈ.ગ્રામ સેન્ટરોમાં મતદાર સહાયતા કેન્દ્રો ખોલવાનો પાયલોટ પ્રોજેક્ટ ગાંધીનગર જિલ્લામાં હાથ ધરાયો હતો અને તેને સારો પ્રતિસાદ સાંપડતા આ પ્રોજેક્ટ હવે રાજ્યવ્યાપી અમલમાં આવી રહ્યો છે. લોકસભાની આવી રહેલી સામાન્ય ચૂંટણીઓ પૂર્વે મતદાર યાદી સુધારણાનો અંતિમ કાર્યક્રમ ૬ઠ્ઠી સપ્ટેમ્બરથી શરૂ થવાનો છે. આ કાર્યક્રમ એક માસ સુધી ચાલવાનો છે ત્યારે ગ્રામ્ય પ્રજાને તકલીફ ના પડે તે માટે હવે મતદાર સહાયતા કેન્દ્ર ખાતે તમામ કામગીરી પણ થઈ શકશે. દરમ્યાન ૬ઠ્ઠીથી શરૂ થઈ રહેલ મતદારયાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત ૭મી સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર ટાઉનહોલ ખાતે પણ એક વિશેષ કાર્યક્રમ મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતિ અનીતા કરવાલની ઉપસ્થિતિમાં યોજાનાર છે.

આ બન્ને કાર્યક્રમોની તૈયારીમાં જિલ્લાતંત્ર લાગી ગયું છે. જિલ્લામાં તમામ ગામોમાં મતદાર સહાયતા કેન્દ્રોમાં નામ જોવા માટે રૂ. બે ચુકવવાના રહેશે તો નામ દાખલ કરવા માટે રૂ. ૧૦ અને ડુપ્લીકેટ મતદાર ફોટો કાર્ડ માટે રૂ. ૩૫ ચુકવવાના રહેશે. આ માટે ઈ.ગ્રામના સંચાલકોને તાલિમ પણ આપવામાં આવનાર છે.

## ખૂણે... ...ખાંચરેથી

- રોટરી કલબ ગાંધીનગર દ્વારા ૧લી સપ્ટેમ્બરના રોજ એક ફેમીલી પીકનીકનું આયોજન કરાયું છે અને આ પીકનીક દરમિયાન ઘંટીયા પહાડ પર ટ્રેકીંગ કરવાનું પણ આયોજન છે.
- જિલ્લાના અધિકારીઓ આજે આખો દિવસ મીટીંગો અને ઉચ્ચ અધિકારીઓ સાથેની વિડીયો કોન્ફરન્સમાં વ્યસ્ત રહ્યા હતા.
- રાજય મંત્રીશ્રી લીલાધર વાઘેલા આજે જિલ્લા પંચાયતની કચેરીએ આવ્યા હતા. તેમણે પશુપાલન ક્ષેત્રે જિલ્લાની વિકાસકૂચની સમીક્ષા અધિકારીઓ સાથે બેસી કરી હતી.
- જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હિના પટેલની તબિયત રાત્રે બગડતાં એક કાર્યક્રમ બાદ સીધા દવાખાને લઈ જવાયા હતા.
- ગાંધીનગર ભાજપ દ્વારા ચરેડી ખાતે યોજાયેલ મેડીકલ કેમ્પમાં ભાજપના મેડીકલ સેલના તબીબે સેવા આપી હતી. ૨૦૦ જેટલા દર્દીઓ આ કેમ્પમાં નોંધાયા હતા.
- ગાંધીનગર સે-૨૨ જૈન દેરાસરથી સે-૩ના જૈન દેરાસર સુધી ચૈત્ય પરિપાટીનું આયોજન કરાયું છે. આ ચૈત્ય પરિપાટી સે-૭માં થઈ સે-૩માં જશે.
- ગાંધીનગર શહેરમાં વધતા જતા ચેઈન સ્નેચીંગના બનાવ અટકાવવા માટે કરેલી તાકીદ બાદ હવે ચેઈન સ્નેચર્સને પકડનાર પોલીસ કર્મચારીને રૂ. ૨૫ હજાર તથા નાગરિકને રૂ. ૧૦ હજારનું ઈનામ આપવાની જાહેરાત કરી છે.




શીતળા સાતમે પૂજન-અર્ચન : ભારતીય સંસ્કૃતિમાં શીતળા માની અને બળિયા બાપા પર ભારે શ્રદ્ધા છે... બાળકો રોગમુક્ત રહે એ માટે દરેક સંતાનની માતા શીતળા સાતમનું વ્રત કરે છે... મોટેભાગે સમગ્ર પરિવાર આખો દિવસ ઠંડુ ભોજન આરોગી શીતળતા માટે સતત પ્રાર્થના કરે છે... ચુલા અને સગડી બંધ રાખી એક દિવસ અગ્નિમુક્ત રસોડું રહે છે... શીતળા માતાની પ્રાર્થના માટે આજે વહેલી સવારથી સેક્ટર-૨૫ સંતોષી માતાના મંદિરે બહેનો મોટી સંખ્યામાં ઉમટી હતી. **(તસવીર : દિપક જાની)**

## પવિત્ર જન્માષ્ટમી પર્વ નિમિત્તે નરેન્દ્ર મોદીએ શુભેચ્છા પાઠવી

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના પર્વની ગુજરાતના નાગરીકોને શુભકામના પાઠવી છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે ગુજરાત કૃષ્ણભક્ત છે. ભગવાન શ્રીકૃષ્ણની વિશ્રાંતિકાળની ભૂમિ, ગુજરાતમાં જન્માષ્ટમીનો તહેવારએ પ્રકૃતિની સાથે પ્રેમનો સંબંધ સજીવન કરતો જનઉત્સવ છે. આતતાયીઓના દમન અને અન્યાયનો પ્રતિકાર કરવાનું કૃષ્ણ જીવનદર્શન આજે પણ પ્રસ્તુત છે એમ તેમણે જણાવ્યું હતું.

# આજે ગાંધીનગરમાં કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે

### વિવિધ મંદિરો અને સેકટરમાં મટકી ફોડ અને રાસ ગરબાના કાર્યક્રમો : સે-૨૨ પંચદેવ મંદિર પાસે ભવ્ય મેળો

ગાંધીનગર, તા. ૨૭

નંદ ઘેર આનંદ ભયો...જય...કનૈયા લાલ કી... આજે જન્માષ્ટમી-ભગવાન શ્રી કૃષ્ણનો જન્મદિવસ. ગીતાના ઉદ્‌ગાતા, લોકોના તારણહાર અને ઉધ્ધારક શ્રી કૃષ્ણનો જન્મ થયો ત્યારે સર્વ જન સંતાપ ભૂલી જઈ આનંદોલ્લાસમાં લોકો નાચવા લાગ્યા અને તે દિવસ જન્માષ્ટમીના નામે જાણીતો થયો. જન્માષ્ટમીના પર્વની હર્ષોલ્લાસથી ઉજવણી કરવા ભાવિકો ઉત્સુક બન્યા છે. શહેરના વિવિધ



ધાર્મિક સ્થાનો, સંસ્થાઓ તેમજ સેકટરોમાં સ્થાનિક રહીશો દ્વારા કૃષ્ણજન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. મંદિરોમાં ભજન-કીર્તન ઉપરાંત મટકી ફોડ અને રાસ ગરબાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે.

આજે સૌ જડવાદના પ્રવાહમાં તણાઈ રહ્યા છે તે સમયે તેમની સમક્ષ ગીતાનો તેજસ્વી જીવવાદ મુકવાની જરુર વર્તાય છે. ત્યારે ઘરે ઘરે કૃષ્ણનો સંદેશો પહોંચાડવાની અનિવાર્યતા ઉભી થઈ છે. જે કૃષ્ણ જન્મોત્સવની ઉત્તમ ઉજવણી સમાન બનશે. અતિ ઉત્કૃષ્ટ જીવન જીવી દેખાડનાર અને અતિ સામાન્ય મૃત્યુને સહજ રીતે સ્વીકારનાર કૃષ્ણ એ ભારતના આદર્શ યુગપુરુષ છે. ભગવાન શ્રી કૃષ્ણનો જન્મોત્સવ ઉજવવા નગરના ધાર્મિક સ્થાનો ઉપરાંત સંસ્થાઓ તેમજ સેકટરના વસાહત મંડળો દ્વારા વૈવિધ્યસભર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સે-૨૨ પંચદેવ મંદિર પાસે દર વર્ષની જેમ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. મંદિરમાં રાત્રિ દરમિયાન કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે આરતી અને ભજનનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. ઝૂલેલાલ-સાંઈબાબા મંદિરે પણ જન્માષ્ટમી નિમિત્તે સંગીતમય ભજનો અને ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. કૃષ્ણ જન્મ બાદ પંજરી અને ખીરના પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. સે-૨૪ અંબાજી ચોક ખાતે જય અંબે યુવક મિત્ર મંડળ દ્વારા રાત્રે ૮ કલાકે ભજન સંધ્યા તેમજ રાત્રે ૧૨ કલાકે કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે. જયારે સવારે ૯ કલાકે મટકી ફોડનો કાર્યક્રમ

● અનુસંધાન પાન-૭ પર



ઘ-૫ ચોપાટી ખાતે ફુડકોર્ટની ફાળવણી થયા બાદ લારી-ગલ્લાઓ હટાવવા માટે તંત્રએ કડક પગલાં લેવાનું શરૂ કર્યુ છે. ઘ-૫માં જે સ્થળે ખાણી-પીણીની લારીઓ ઉભી રહેતી હતી તેની આસપાસ ફેન્સીંગ કરી વધારાની લારીઓને હટાવી દેવાઈ છે. **(તસવીર : દિપક જાની)**

## વિભાગોને વેબસાઈટ સમયસર અપડેટ કરવા તાકીદ

### કુલ ૨૧૪ જેટલી વેબસાઈટ જીસ્વાનના સ્ટેટ ડેટા સેન્ટર ઉપર મુકવામાં આવેલી છે

ગાંધીનગર, તા. ૨૭

વિવિધ વિભાગો અને બોર્ડ નિગમો દ્વારા તૈયાર કરવામાં આવેલી વેબસાઈટોને સમયાંતરે અપડેટ કરવા માટે તમામ વિભાગોને કડક તાકીદ કરવામાં આવી છે.

વિજ્ઞાન અને પ્રોદ્યોગિક વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકારે સરકારી કચેરીઓનું કોમ્પ્યુટરાઈઝેશન કર્યા બાદ સરકારના વિવિધિ વિભાગોની પ્રવૃત્તિઓ યોજનાઓ સહીતની કામગીરી પ્રજાજનોને ઘરે બેઠક જાણકારી મળી રહે તે માટે રાજ્ય સરકારના વિવિધ વિભાગો અને બોર્ડ-નિગમો દ્વારા પોતાની વેબ સાઈટો તૈયાર કરવામાં આવેલી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિવિધ વિભાગો દ્વારા વેબસાઈટો તૈયાર કરવામાં આવ્યા બાદ કેટલાક વિભાગો અને બોર્ડ-નિગમો દ્વારા વેબસાઈટોને અપડેટ કરવામાં આવતી ન હતી અને વેબસાઈટો પર જુની વિગતો જ જોવા મળતી હોવાનું એક સમીક્ષા દરમ્યાન સરકારના ધ્યાન પર આવવા પામ્યુ હતુ.







### ઓપન ઈન્ટરવ્યુ

શેઠ મ. ભ. સેલ્ફ ફાયનાન્સ ઉચ્ચત્તર માધ્યમિક શાળા માટે જોઈએ છે. શિક્ષક-૧, એમ.એ.બી.એડ. ગુજરાતી / મનોવિજ્ઞાન વિષય લઈ શકે તેવા ઉમેદવારોએ અસલ પ્રમાણપત્રો સાથે બુધવાર તારીખ ૪/૯/૨૦૧૩ના રોજ બપોરે ૧૨-૦૦ થી ૧-૦૦ વાગ્યા સુધી નીચે જણાવેલ સ્થળે રૂબરૂ મળવાનું રહેશે.

**રૂબરૂ મળવાનું સ્થળ : મંત્રીશ્રી -**

**શેઠ મ. ભ. માધ્યમિક શાળા**

**પેથાપુર, તા. જી. ગાંધીનગર**



### જાહેર નિવિદા

**પેથાપુર નગરપાલિકા, પેથાપુર**

**ટેન્ડર નોટીસ**

આથી પેથાપુર નગરપાલિકા, પેથાપુરને ૧૩માં નાણાંપંચ ગ્રાન્ટ હેઠળ તથા મનોરંજન કર ગ્રાંટ હેઠળના નીચે જણાવેલ પેકેજ માટે ઓનલાઈન ઈ-ટેન્ડરથી ગુજરાત રાજ્યના બાંધકામ ખાતામાં રજીસ્ટ્ર થયેલ ઈજારદારો અને સ્પેશીયાલીસ્ટ પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. ઈ-ટેન્ડરની વિગતો અત્રેની કચેરીથી તથા વેબસાઈટ www.nprocure.com સાઈટ પરથી જોવા મળશે.

**ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ : ૪/૯/૨૦૧૩**

**ટેકનીકલ બીડ રજી.એ.ડી.થી મોકલવાની છેલ્લી તારીખ : ૬/૯/૨૦૧૩**

**ટેન્ડર ઓપન કરવાની તારીખ : ૭/૯/૨૦૧૩**

પ્રાઈઝબીડ ફક્ત ઓનલાઈન ભરવાની છે. ટેકનીકલ બીડની સાથે ટેન્ડર ફી ભર્યાની પહોંચની એટેસ્ટેડ કોપી જોડવાની રહેશે. ઉપરોક્ત ટેન્ડરની વધારે માહિતી માટે ઉપરોક્ત વેબસાઈટ જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

સહી/- **(હિતેશકુમાર કે. પટેલ)** મુખ્ય અધિકારી

સહી/- **(કનુસિંહ એન. વાઘેલા)** પ્રમુખ

**પેથાપર નગરપાલિકા, તા. જી. ગાંધીનગર**

માહિતી/૧૦૮૨/૧૩-૧૪

**(અમારો સંકલ્પ સ્વચ્છ પેથાપુર)**



C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com